भारत 2023 INDIA

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં૧૧-,૧૨ અને ૧૪, બીજો માળ,
ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
Email : labourbranch6@gmail.com

ક્રમાંક:શ્ર.આ.ક/ટે.3/ ૧૩૬૨૧ ૧૫૮ /૨૦૨૪ તા: 3 / ૪ /૨૦૨૪

પ્રતિ,

(૧) અધિક શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુક્તશ્રી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ (તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા સારૂ)

(3) કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઈ.ટી.સેલ.

(૪) શાખાની સિલેક્ટ ફાઈલ/ પરિપત્ર ફાઈલ

**શ્રમ આયુક્ત,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત.**

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર હવે **તા.૦૧-૦૪-૨૦૨૪ થી તા.30-૦૯-૨૦૨૪** સુધીના સમય માટે નીચે મુજબ રહેશે.

| ક્રમ | અનુસૂચિત વ્યવસાય/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂા. પૈસા) |
|---|---|---|
| ૧ | ૪૬ અનુસૂચિત વ્યવસાય, શીપ બ્રેકીંગ તથા સ્વીપીંગ અને કલીનીંગ કામની વ્યવસાય (વ્યવસાય) | રૂા.૩૫.૦૦/- |
| ૨ | ૭ અનુસૂચિત વ્યવસાય (૧.ઈંટ ઉત્પાદન, ૨.જરી ઉદ્યોગ, ૩.રેડી મેડ ગારમેન્ટ, ૪.મીઠા ઉદ્યોગ, ૫.તમાકુ અને બીડી બનાવવાનો ઉદ્યોગ તથા ૬.કૃષિ વ્યવસાય) | રૂા.૧૨૧.૦૦/- |

આમ, અનું નં ૧ અને ૨ ની સામે દર્શાવેલ વ્યવસાયોમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દર જાહેર કરવામાં આવે છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે રાજ્યમાં અમલી આદર્શ આચાર સંહિતાને અનુલક્ષીને આ પરિપત્ર આ કચેરીની સીંગલ ફાઇલ ફાઇલ ક્રમાંક:- શ્ર.આ.ક/ટે.૩/ફા.નં-૩૯/૨૦૨૪ પર મળેલ રાજ્ય ચૂંટણી આયોગ ની તા.૦૨/૦૪/૨૦૨૪ની અનુમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

નાયબ શ્રમ આયુક્ત
અને લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮
અન્વયેના સક્ષમ અધિકારી, ગાંધીનગર

Azadi Ka Amrit Mahotsav


શ્રમ આયુક્તની કચેરી,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૧ ૧૨ અને ૧૪ બીજો માળ
ઉદ્યોગભવન, સેક્ટર-૧૧,
ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન: ૦૭૯-૨૩૨૫૭૫૨૯
ફેક્સ-૦૭૯-૨૩૨૫૭૫૧૩
Web: www.col.gujarat.gov.in
E-mail: sbranchgandhinagar@gmail.com


**No.CL/4/CPI-2022/ 554** **Date :- 3 /11/2022**

**To,**
**Assistant Commissioner of Labour,**
**IT cell.**

**Sub: Ahmedabad & All India Consumer Price Index Number for Industrial Workers on base 2016=100 for the Month of August-2022 & September-2022.**

With reference to the subject cited above, the information regarding the Ahmedabad and All India Consumer Price Index Number for the Industrial Workers (General) is as under for the months – **August-2022 & September-2022** are as under.

**Ahmedabad Consumer Price Index**

| C.P.I. Series | Index Number | |
|---|---|---|
| | August-2022 | September-2022 |
| 2016=100 | 125.7 | 125.1 |
| 2001= 100 | 343.161 | 341.523 |
| 1982= 100 | 1585.4 | 1577.84 |
| 1960= 100 | 7578.23 | 7542.06 |
| 1926 -27 = 100 | 24023 | 23908.3 |

**All India Consumer Price Index**

| C.P.I. Series | Index Number | |
|---|---|---|
| | August-2022 | September-2022 |
| 2016=100 | 130.2 | 131.3 |
| 2001= 100 | 374.976 | 378.144 |
| 1982= 100 | 1736.14 | 1750.81 |
| 1960= 100 | 8559.16 | 8631.48 |
| 1949= 100 | 10402.8 | 10490.7 |

*** TEXTILE D.A. – 9166.67**

Please upload above said information on our **www.col.gujarat.gov.in**

**Deputy Commissioner of Labour**
**Gujarat State, Gandhinagar.**

**CC to**
**Directorate of Economics and statistics, Sector-18, Gandhinagar**

G20 भारत 2023 INDIA

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં૧૧-,૧૨ અને ૧૪, બીજો માળ,
ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.
Email : labourbranch6@gmail.com

ક્રમાંક:શ્ર.આ.૬/ટે.3/ ૧૧૨૬ થી ૧૧૪૮ /૨૦૨૩ તા: 30/0૯/૨૦૨૩

પ્રતિ,

(૧) અધિક શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુક્તશ્રી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ (તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા સારૂ)

(3) કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઈ.ટી.સેલ.

(૪) શાખાની સિલેક્ટ ફાઈલ/ પરિપત્ર ફાઈલ

શ્રમ આયુક્ત,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત.

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર હવે **તા.૦૧-૧૦-૨૦૨૩ થી તા.૩૧-03-૨૦૨૪** સુધીના સમય માટે નીચે મુજબ રહેશે.

| ક્રમ | અનુસૂચિત વ્યવસાય/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂા. પૈસા) |
|---|---|---|
| ૧ | ૪૬ અનુસૂચિત વ્યવસાય, શીપ બ્રેકીંગ તથા સ્વીપીંગ અને કલીનીંગ કામની વ્યવસાય (વ્યવસાય) | રૂા.૨૧.૦૦ |
| ૨ | છ અનુસૂચિત વ્યવસાય (૧.ઈંટ ઉત્પાદન, ૨.જરી ઉદ્યોગ, ૩.રેડી મેડ ગારમેન્ટ, ૪.મીઠા ઉદ્યોગ, ૫.તમાકુ અને બીડી બનાવવાનો ઉદ્યોગ તથા ૬.કૃષિ વ્યવસાય) | રૂા.૧૦૭.૦૦ |

આમ, અનું નં ૧ અને ૨ ની સામે દર્શાવેલ વ્યવસાયોમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દર જાહેર કરવામાં આવે છે.

નાયબ શ્રમ આયુકત
અને લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮
અન્વયેના સક્ષમ અધિકારી, ગાંધીનગર

# Minimum Wages in Gujarat w.e.f 01-10-2024 To 31-03-2025

Dear Sir/Medam,

As per notification on Dt. 03-10-2024 regarding . The State Government as declared the fresh basic rates of Salary/Wages for the period from Dt. 01-10-2024 to 31-03-2025 for 46 business in Zone - I & Zone - II.

The same may please be paid during above period. For further guidance required, if any, you may depute your representative to our office.

| Sr. No. | Scheduled Employment | Category of Workers | Zone | Basic Minimum Wages | V.D.A | Total Minimum Wages per Day (in Rs) | Monthly Wages (in Rs) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | MINIMUM WAGES RATE APPLIES ON 46 ALL ESABLISHMENT/FACTORY & SHIP BREAKING WORK | Skilled | I | 474.00 | 35.00 | **509.00** | **13234.00** |
| | | Semi skilled | I | 462.00 | 35.00 | **497.00** | **12922.00** |
| | | Unskilled | I | 452.00 | 35.00 | **487.00** | **12662.00** |
| | | Skilled | II | 462.00 | 35.00 | **497.00** | **12922.00** |
| | | Semi skilled | II | 452.00 | 35.00 | **487.00** | **12662.00** |
| | | Unskilled | II | 441.00 | 35.00 | **476.00** | **12376.00** |
| **MINIMUM WAGES RATE APPLIES TO SWEEPING & CLEANING WORK** | | | | | | | |
| 2 | **Area - A** : Limits of Ahmedabad Municipal Area with in 10 KM aforesaid limits | AREA - A | | 452.00 | 35.00 | **487.00** | **12662.00** |
| | **Area - B** : Limits of Rajkot, Bhavnagar, Surat, Vadodara, Jamnagar, Gandhinagar and Junagadh Municipal Corporation Area within 5 KM from the aforesaid limits | AREA - B | | 452.00 | 35.00 | **487.00** | **12662.00** |
| | **Area - C** : All other areas in the State of Gujarat not included in Area - A and Area - B | AREA - C | | 441.00 | 35.00 | **476.00** | **12376.00** |

**Source** : Labour and Employment Department, Government of Gujarat.

**Disclaimer** : Minimum Wages have been provided by the Labour Departments of respective states.

All efforts have been made to update the minimum wage data on a regular basis. However, there might be unforeseen errors.

## Definition of Unskilled, Semi-skilled, Skilled & Highly Skilled Workers

**UN-SKILLED**

An unskilled employee is one who does operations that involve the performance of simple duties, which require the

**SEMI-SKILLED**

A semiskilled worker is one who does work generally of defined routine nature wherein the major requirement is not

**SKILLED**

A skilled employee is one who is capable of working efficiently of exercising considerable independent judgement and

**HIGHLY - SKILLED**

A highly skilled worker is one who is capable of working efficiently and supervises efficiently the work of skilled

### ZONE CLASSIFICATON

**Zone-1** Consists all muncipal corporations.

**Zone-2** Consists all Major muncipalities which have more than 1 lakh population.

Special allowance is nothing but DA bcoz it increases based on the CPI points rise.you need to pay this special allowance apart from the basic salary or you can merge this spl allowance in basic.

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં.૧૧,૧૨ અને ૧૪, બીજો માળ
ઉદ્યોગ ભવન – સેક્ટર ૧૧
ગાંધીનગર
Website :- www.col.guj.gov.in
Email :- labourbranch6@gmail.com

ક્રમાંક:શ્ર.આ.૬/ટે.૩/ ૫૨૫ /૨૦૨૪ તા. ૩ /૧૦/૨૦૨૪

# પરિપત્ર

## કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળના લઘુત્તમ વેતન દર બહાર પાડવા બાબત.

આથી જણાવવાવમાં આવે છે કે, કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં(૪)માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જે અનુસૂચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લઘુત્તમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે-તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લઘુત્તમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહે છે. પરંતુ જે વ્યવસાયોનો લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળની અનુસૂચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસૂચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સતાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાના થતા લઘુત્તમ વેતનના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા.૨૪-૦૪-૨૦૨૩થી અમલમાં છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર (રૂ./-) | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ |
| ૨ | અર્ધ કુશળ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| ૩ | બિન કુશળ | ૪૫૨.૦૦ | ૪૪૧.૦૦ |

## આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ

(ક) ઝોન-૧ ગુજરાત રાજયમાં, ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોપોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સતામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

(ખ) ઝોન-૨ માં,ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉકત નકકી કરવામા આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. જે ધ્યાને લઇ તા.૦૧.૧૦.૨૦૨૪ થી તા.૩૧.૦૩.૨૦૨૫ના આ સમયગાળા દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દરમાં રૂ.૧.૦૦/-નો ઘટાડો થયેલ છે પરંતુ કાળજીપૂર્વકની વિચારણાના અંતે ખાસ ભથ્થાના હાલના પ્રવર્તમાન દરો તા.૩૧.૦૩.૨૦૨૫ સુધી યથાવત રાખવા આગ્રહ ભરી અપીલ કરવામાં આવે છે. જે ધ્યાને લેતાં હાલના ખાસ ભથ્થાના પ્રવર્તમાન દરો તા.૩૧.૦૩.૨૦૨૫ સુધી યથાવત્ રહેશે. મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું તા ૦૧.૧૦.૨૦૨૪ થી તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીના ૬ (છ) માસના સમય માટે દૈનિક રૂા.૩૫.૦૦/- (અંકે પાંત્રીસ રૂપિયા પૂરા) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સત્તાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

Gargi
શ્રમ નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ક્રમાંક:શ્ર.આ.૬/ટે-૩/ ૫૨૬ થી ૫૪૬ /૨૦૨૪ તા. ૩ /૧૦/૨૦૨૪

નકલ રવાના:

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ (તાબાની કચેરીઓને જાણ કરવા સારૂ)

(૩) કચેરીની સર્વે શાખાઓ,૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઇ.ટી. સેલ.

(૪) શાખાની સિલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ

રવાના કરવા પ્રમાણિત કર્યુ

[signature]
મદદનીશ શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર